* M B I - 0 0 1 - 0 0 1 2 3 7 - 5 0 - 4 *

**MBI-001-001237** Seat No. ______

# B. A. (Sem. II) (CBCS) Examination

**March / April - 2018**

## Gujarati (Main) : Paper - IV

***(ગદ્ય - ગુજરાતીના વિકલ્પે : ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ્ય-૨)***

***(Optional) (Core)***

***(Old Course)***

**Faculty Code : 001**
**Subject Code : 001237**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ **સરખા** છે

**૧** નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

''આનંદ, સૌંદર્ય અને રસનું નિર્માણ-સર્જન એ કવિતાનું સ્વકર્મ સ્વધર્મ છે. આખા જીવનમાં આ તત્ત્વો વત્તાઓછા અંશે સ્ફૂટ-અસ્ફૂટ છે. તેનો આછો-પાતળો, શુદ્ધ-અશુદ્ધ અનુભવ દરેકને થાય છે. પરંતુ તે તત્ત્વોને એક ઉચ્ચ પ્રકર્ષમાં અનુભવગમ્ય કરાવવાનું કાર્ય કળા કરે છે. એ કરવા - કરાવવાની શક્તિ બીજામાં ઓછી છે. એ કાર્ય સાધવાની પદ્ધતિ-પ્રક્રિયા એ કળાની પોતાની આગવી ખૂબી, વિશિષ્ટતા છે. કવિતા માનવ વ્યવહારની પ્રાકૃત વાણીનો આશ્રય લે છે, છતાં તેને એવી અપ્રાકૃત રીતે પ્રયોજે છે કે તેમાંથી એક અનન્ય અસાધારણ રસપ્રકર્ષ અનુભવાય છે.''

**- કવિ - 'સુન્દરમ્'**

**અથવા**

''દરેક જમાનાનું સાહિત્ય પોતાના જમાનાની વસ્તુસ્થિતિ રજૂ કરે છે અને તેના સત્યને હૃદયંગમ્ય કરે છે. વિવેચન, દેવ આગળ ધરાવેલા દીપની પેઠે સર્જન સાહિત્યનું અર્ચન કરે છે. તેમાં સૌંદર્ય સ્ફૂટ કરે છે, એટલું જ નહિ, તેને જીવતું પણ રાખે છે. વિવેચન એ સાચા જીવતા સર્જન સાહિત્યનો વાઙ્મય પ્રાણ-ધબકાર છે. વિવેચનથી જ સર્જન સાહિત્ય નવેનવે યુગે નવતા ધારણ કરે છે. નવયુગ અભિમુખ થાય છે, નવા યુગને ગ્રાહ્ય થાય છે. સાચું સર્જન અને સાચું વિવેચન ભાવના, ચિંતન અને વિચારોનો ભાવિ ઝોક પણ બતાવે છે. સર્જન અને વિવેચન બંને પોતપોતાના જમાનાની જીવન ફિલસૂફી ઘડે છે.

**- રા. વિ. પાઠક**

૨ નીચે આપેલા ફકરાઓનાં એક-તૃતિયાંશ ભાગમાં સંક્ષેપીકરણ કરો : **૧૪**

''મેં નાનપણથી જોયું છે કે સત્ય બોલવું, સત્યની ઘોષણા કરવી અને સત્ય શોધવું એ મનુષ્યને માટે સહજ છે, સ્વાભાવિક છે. સત્યનિષ્ઠા ખરું જોતાં કેળવવી પડતી નથી. સમાજ અને ખાસ કરીને માબાપો બાળકોમાં જાણ્યે-અજાણ્યે અસત્ય નિષ્ઠા ઉપજાવે છે, કેળવે છે. એ અસત્યનિષ્ઠા દઢમૂળ થયા પછી જ્યારે માણસ પસ્તાય છે ત્યારે માણસને મૂળ સ્વાભાવિક સ્થિતિ પર આવવા માટે પ્રયત્ન કરવો પડે છે. અસત્યનિષ્ઠા ઉતારવાનો ! એમાં જો એ ફાવ્યો તો સત્યનિષ્ઠા એની મેળે પ્રગટ થાય છે, કેમ કે એ પહેલેથી ત્યાં હતી જ નાના બાળકો જેવું જુએ છે, સમજે છે અને ઇચ્છે છે તેવું સીધેસીધું પોતાને આવડે તેવી ભાષામાં બોલી જાય છે. એ આગળ જતાં અગવડરૂપ જણાય, ત્યાં એ મૂંઝાય છે. કેટલાંક બાળકો તો ઘણું મૂંઝાયા છતાં એમને સત્યને બદલે બીજું શું કહેવું એ સૂઝતું નથી - અરે, સત્યની માગણી થાય ત્યારે મૂંગા બેસી જવું અને બચી જવું એ પણ એમને માટે અશક્ય છે. કોઈ માંત્રિક મંત્ર બોલે અને સાપ લાચારીથી પોતાના દરમાંથી બહાર આવે, કમને આવે, પણ આવ્યા વગર રહે જ નહિ, તેવી રીતે માણસ સત્યની માગણી આગળ સ્વાભાવિક રીતે મંત્રમુગ્ધ થઈ જેમતેમ સત્યનો એકરાર કરી બેસે છે. એ બળ છે. સત્યનું અને અખંડ સત્યવ્રત પાળીને સત્યમૂર્તિ થયેલ મૂર્તિનું.

- **ગાંધીજી**

**અથવા**

''ખોટાં અભિમાન રાખવાથી દેશને કંઈ પણ ફાયદો નથી. જે વાત આપણામાં નઠારી હશે તેને જાણીને કે અજાણમાં આપણે સારી કહીશું તેથી કદી પણ તે સારી થવાની નથી. આપણે સારી કહીશું માટે બીજા લોકો કદી સારી કહેવાના નથી. જાણી જોઈને નઠારી વાતને સારી કહેવી એના જેવી બીજી મૂર્ખાઈ નથી. નઠારી વસ્તુને સારી માનવાથી મોટામાં મોટું નુકસાન એ છે કે તેને કોઈ વખત સારી થવાનો સંભવ રહેતો નથી. આપણા શરીરમાં રોગ થયો હોય અને આપણે અભિમાનથી એમ જ માની બેસીએ કે આપણે આરોગ્યવાન છીએ, તો એ અભિમાનનું પરિણામ મરણ સિવાય બીજું કદી થવાનું નથી. આપણે નિર્ધન છતાં ધનવાન છીએ એમ માની મદમાં ફર્યા કરીએ તો આપણે દરિદ્રાતમાં સડ્યા જ કરીએ એમાં શું આશ્ચર્ય ? આપણને એક પણ અક્ષર ન આવડતો હોય છતાં મહાપંડિતનો ગર્વ રાખીને ફરીએ તો તેથી શું વિદ્યાના જે લાભ છે તે મેળવવાને શક્તિમાન થઈશું ? જેવું એક માણસનું તેવું જ દેશનું પણ સમજવું. દેશનું ખોટું અભિમાન દેશીઓ રાખે; તેના દૂષણો તરફ નજર ન કરે; દૂષણો દેખે તો પણ તેને ભૂષણરૂપ માની લે; દેશની ખરાબી થતી હોય તો પણ બડાઈને સારું 'બહું આબાદ છે.' એવા તડાકા મારે તો બેશક તે દેશ પાયમાલ થયા વિના રહે નહિ. એવા મિથ્યાભિમાનીઓને દેશાભિમાની કહેવાને બદલે દેશના ખરા દ્રોહી કહેવા જોઈએ. તેઓમાં દેશપ્રીતિ નથી, પણ મૂર્ખાઈના ઘરનો બહુ જ નાશકારક ગર્વ છે.''

- **આનંદશંકર ધ્રુવ**

૩ વિરામચિહ્નો એટલે શું ? સમજાવી, ગુજરાતી ભાષામાં પ્રયોજવામાં આવતા વિવિધ વિરામચિહ્નો વિશે સમજાવો. ૧૪

**અથવા**

૩ નીચેના વાક્યોમાં વિરામચિહ્નો મૂકી વાક્યો ફરીથી લખો : (કોઈ પણ **સાત**) ૧૪

(૧) વાહ ધન્ય છે તારી ટેકને

(૨) તેના લોચન રાજીવ કમળ સમાન છે

(૩) હવે તમને કેમ લાગે છે માથું દુઃખે છે

(૪) મારો જન્મ ૫૩માં થયો હતો.

(૫) અરે કેવો ક્રૂર માણસ.

(૬) અહીં ગંદકી કરવી નહિ કરનારને ભારે સજા થશે.

(૭) ભગવાન બુદ્ધ કહે છે અહિંસા પરમ ધર્મ છે.

(૮) સત્ય અહિંસા ચોરી ન કરવી વણ જોઈતું ન સંઘરવું.

(૯) ગાંધીજીની આત્મકથા સત્યના પ્રયોગો તમે વાંચી છે.

(૧૦) અહા સૂર્યોદય કેવો આહ્‌લાદક છે.

૪ નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્ય બનાવો : (કોઈ પણ **સાત**) ૧૪

(૧) તારાજ થઈ જવું

(૨) ફોડી લેવું

(૩) બે પાંદડે થવું

(૪) હડિયાપટી કરવી

(૫) ખીલો થઈ જવું

(૬) તોલે નો આવવું

(૭) પગ વાળીને બેસવું

(૮) માથે લેવું

(૯) પરવારી જવું

(૧૦) પુષ્ટિ મળવી

**અથવા**

૪ નીચે આપેલી કહેવતોના અર્થ સમજાવો : (કોઈ પણ **સાત**) ૧૪

(૧) ઘેરઘેર માટીના ચૂલા

(૨) એક સાંધીએ ત્યાં તેર તૂટે

(૩) પારકી મા જ કાન વીંધે

(૪) ઉતાવળે આંબા ન પાકે

(૫) દુકાળમાં અધિક માસ

(૬) ચોર કોટવાળને દંડે

(૭) ખાડો ખોદે તે પડે

(૮) પાણી પહેલા પાળ બાંધવી

(૯) બાંધી મૂઠી લાખની

(૧૦) હોઠ સાજા તો ઉત્તર ઝાઝા

૫ સમાસ એટલે શું ? તે સમજાવી દ્વન્દ્વ, તત્પુરુષ અને કર્મધારય સમાસના ત્રણ-ત્રણ ઉદાહરણ આપો. ૧૪

**અથવા**

૫ નીચેનામાંથી કોઈ પણ સાત સમાસનો વિગ્રહ કરી ઓળખાવો : ૧૪

(૧) સેવાપૂજા

(૨) પાવનસુંદર

(૩) જન્મદાતા

(૪) તત્ત્વજ્ઞ

(૫) સ્થિતપ્રજ્ઞ

(૬) સારુંનરસું

(૭) પંકજ

(૮) કાવ્યસંગ્રહ

(૯) માયાજાળ

(૧૦) ભરપેટ